# ઉમ ચંદગી.

મનસુખરામ દ્મોનાથ પરમાર્થ.

( અશો, કુંવરબાની દીકને
ઉમો આયોજૈ ભગો ).

પ્રગટ કરનાર
મુંબઈની ગુજરાતી બુકસેલર કંપની.

# હમ બંદગી.



જરથુશ્ત્રહે દએનામ યજમઇદે.

( અશો જરથુસ્ત્રની દીનને હમો આરાધ્યે છીએ ).

# હમ બંદગી.

જરથુશ્ત્રહે દ્એનામ યજમઈદે.

( અશો જરથુસ્ત્રની દીનને

હમો આગળ્યે કીજેં )

પ્રગટ કરનાર

મુંબઇની જરથોશ્તી જશન કમીટી

મુંબઈ.

ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ,
કૅપતન પ્રિંટીંગ વર્કસ, ન. ૧૪૧, લાલબાગ,
પરેલ મધે મેહરજી બી. મીઠાઇવાળાએ છાપ્યું
છે, અને મુંબઇની જરથોસ્તી જશન કમીટીના
સૅક્રેટરીએ ન. ૨૧, હૉર્નબી રોડ, કોટ મધેથી
પ્રગટ કર્યું છે.

# દીબાચો.

નજદીક ૧૦ વરસ થયાં મુંબઇની જરથોસ્તી જશન કમીટી દર સાલ ચાર જશનો જુદા જુદા અગત્યના જરથોસ્તી તેહવારો ઉપર કરતી આવી છે, જે મધે જરથોસ્ત સાહેબના દીસાના જશને તે હીગામની મોતેબરીને લીધે લોકપ્રિયતામાં પહેલી જગ્યા લીધી છે. આ મેલાવડાઓમાં આપણી દીનના તરીકા મુજબ પહેલા જશન કરવામાં આવે છે. ત્યાર બાદ આખી મીજલસ પ્રસંગને અનુસરતા ચુંટી કહાડેલા અવસ્તાના ફકરાઓમા હમ બંદગી કરે છે, જરથોસ્તી બાળકીઓ એક ટુંક મોનાજાત ગાય છે, અને છેવટે એકાદ બે વાએઝો કરવામાં આવે છે. કેટલીક વેળા અન–ફળ–શાકનું ખાનુ તથા નીતિ ભક્તિનાં

ગાયણો આ મેલાવડાઓમા ઉમેરવામા આવે છે. આ જશ્નોએ જરથોસ્તી કોમનું સારૂં ધ્યાન ખેચ્યું છે અને જરથોસ્તીઓમાં ધાર્મીક લાગણી સજીવન કરવા માટે તથા નીતિના વિચારોનો પ્રસાર કરવા માટે તેઓએ પોતાનો અદના ફાળો આપ્યો છે. એ ઉપરાંત જરથોસ્તી બાળકોને તેમના ધર્મનુ જ્ઞાન મેલવવામાં મદદ કરવા તથા ઉત્તેજન આપવા સારૂ જશ્ન કમીટી તરફથી એક પરીક્ષા લઈ હર સાલ દીસાને દીવસે ઇનામો વેહેચી આપવામાં આવે છે, જે માટેનુ એક અલાહેદુ ફંદ એકઠું કરવામા આવે છે.

જોકે આપણી દીનનાં ફરમાન મુજબ હમકારાઓ ઉપર આતશબેહરામો તથા બીજાં ધાર્મીક સ્થળોમા હમદીનો એબાદત માટે જતા રહે છે, છતા દરએક જન પોત પોતાની જુદી બંદગીઓમાજ મશગુલ રહે છે, બધા

નર નારીઓ સાથે મળી હમ બંદગી કરે એવી ગોઠવણ હસ્તી ધરાવતી નથી, તેમજ વળી વાએઝો મારફતે દર હમકારે ધાર્મિક બોધ મલતો રહે એવી કાંઇ જોગવાઇ આજ સુધી કરવામાં આવી નથી. ધર્મનાં ફરમાનો તથા નીતિના સબકો આપણી કોમના સભાસદો અને ખાસ કરી ઉધરતી ઔલાદ આગળ વારંવાર રજુ થવાની અગત્યતા અત્યાર આગમજ સર્વે કોઇએ સ્વિકારી છે. આવી કાંઈ ગોઠવણની વધુ જરૂર આપણી કોમમાં હાલ માલમ પડી છે તેનું કારણ આ છે કે નિશાળોમાં, કૉલેજોમાં, તેમજ મોટે ભાગે આપણા ઘરોમાં, આપણાં બાળકોને પાક જર-થોસ્તી મજહબનાં ઉમદા ફરમાનો શિખવવાની જેવી જોઇએ તેવી ગોઠવણ હસ્તી ધરાવતી નથી, એટલે તેઓને પોતાની દીન તરફની ઇમાનદારી તથા તેમા દીધેલા અશોઇના બોધ

ઉપરની ઉરતવારી ખીલવવાને પુરતી તક મલી શકતી નથી. આવી હાલતનાં ખેદકારક પરિણામ તરીકે ધર્મ તરફ બેદરકારી જાહેર થઇ છે, તેમજ નીતિનું ધોરણ જોઇએ તેવું ઉચ રહેવા પામ્યું નથી, એ વાત જાણીતી છે.

આવા સંજોગો વચ્ચે જશન કમીટીએ ઠરાવ કર્યો છે કે દર માસે એક ધાર્મીક મેલાવડો કરવાની શરૂઆત કરવી કે જેમાં જશનની પવિત્ર ક્રિયા ખતમ થવે હમ બંદગી તરીકે આતશ નીઆએશની જાણીતી બંદગી ભણાય અને ત્યાર બાદ જરથોસ્તી ધર્મ ફરમાનો તથા નીતિબોધોના સંબંધમાં એક ટુંકી વાએઝ કરવામાં આવે. આ કામ સવલ થઇ પડવા ખાતર આ નાનકડી ચોપડી ખાસ પ્રગટ કરવામાં આવી છે, જેમાં શુદ્ધ જોડણી સાથની આતશ નીઆએશ ઉપરાંત દીસાને દીવસે ભણવા સારૂ પયગામ્બર સાહેબની તારીફ

તથા માનભરી યાદના ચુંટી કહાડેલા અવરતાના ફકરાઓ છાપવામાં આવ્યા છે. વળી સમજણને ખાતર આતશ નીઆએશનો સાર ગુજરાતીમાં પ્રગટ કર્યોછે, અને છુટા ફકરાઓનો ગુજરાતી તરજુમો મરહુમ એરવદ કાવસજી કાંગાના શબ્દોમાં રજુ થયો છે.

દર જશને છુટા ફકરાઓ છપાવવાની મેહનત તથા તેનાં કાગજ્યાંઓને તેઓનું કામ થઇ રહેવા પછી સભાળવાની મુશકેલી આ રીતે જેમ દુર કરવામાં આવી છે, તેમ વળી ચુંટી કહાડેલા છુટા ફકરાઓને બદલે અસલના વખતથી જોડાયલી આખી આતશ નીઆએશની બંદગીજ સાથે ભણવાનું મુકરર કરવામાં આવ્યું છે, જેથી માથ્રની અસરમાં ખલલ થવા પામે નહી. પયગામ્બર સાહેબની યાદમાં કાંઇ જુદું ખાસ ભણતર હસ્તી ધરાવતુ ન હોવાથી છુટા ફકરાઓ ચુંટવાની ફરજ પડી છે.

આ નાની ચોપડી સહેજ કીમતે વેચવામાં આવશે અને તે જેમ સહેલાઇથી જાળવી શકાશે તેમ વળી હરએક જશને ઉપયોગમાં પણ લઇ શકાશે.

આપણી કોમમા આપણા પાક મજહબ વિષેનું જ્ઞાન વધે તથા આપણી કીમતી કેતાબોમાં દીધેલા અશોઇના તથા નીતિના ઉચ્ચ સબકો કોમનાં હ્રદયમાં વધુ અને વધુ ઉંડી અસર કરવા પામે એવી દુઆ જશન કમીટી ગુજારે છે !

**મુંબઇની જરથોશ્તી જશન કમીટી,**

૨૧, હૉર્નબી રોડ, કોટ,

મુંબઇ, તા૦ ૨૬મી માર્ચ ૧૯૧૩.

## અષેમ વોહૂ.

અષેમ્ વોહૂ વહિશ્તેમ અસ્તી,
ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઇ
હ્યત્ અષાઇ વહિશ્તાઈ અષેમ્.

---

## અહુનવર.

યથા અહૂ વઈર્યો અથા
રતુશ અષાત્ ચીત્ હચા,
વંઘ્હેઉશ દજ્દા મનંઘ્હો શ્યઓથન-
નાંમ અંઘ્હેઉશ મજ્દાઈ,
ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ.
દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ.

---

# આતશ નીઆએશ.

ક્ષ્નઓથ્ર અહુરહે મજ્દાઓ.
નેમસે-તે, આતશ્ મજ્દાઓ અહુરહે હુધાઓ મજિશ્ત યજત. અષેમ્ વોહૂ (૧).

૫ નામે યજદહાંન્ અહુરમજદ ખોદાએ અવજૂની, ગોરજે ખોરેહ્ અવજાયાદ્.

(આતશ બેહરામ સનમુખ નીચે મુજબ પઢવું).

આતશ બેહરામ્ આદર્ ફરા.

(આતશ આદરાન સનમુખ નીચે મુજબ પઢવુ).

આતશ આદરાંન્ આદર્ ફરા.

(ધેરના આતશ સનમુખ નીચે મુજબ પઢવુ).

આતશ દાદ્ગાહ્ આદર્ ફરા.
અજ્ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્;

અજ હુર્વસ્તીન્ હુશ્મત હુજૂખ્ત હુજ્વરૂ-
શ્ત, મેમ પ ગેતા મનીદ્, ઉઇમ ગોફ્ત,
ઉઇમ કર્દ્, ઉઇમ જસ્ત્, ઉઇમ બૂન્ બૂદ્
એસ્તેદ્. અજ઼્ આંન્ ગુનાહ મનશ્ની
ગવશ્ના કુનશ્ની, તની રવાની ગેતી મીનો-
આંની, ઓખે અવાખ્શ પશેમાન્ પ સે
ગવશ્ની પ પતેત્ હોમ

ઉસ્-મોઇ ઉજારેષ્વા અહુરા
આર્મઇતી તેવીષીમ્ દસ્વા,
સ્પેનિશ્તા મઇન્યૂ મઝ્દા,
વંઘ્હુયા જવો-આદા,
અષા હઝ઼ો એમવત્ વોહુ
મનંઘહા ફ્સેરતૂમ.

રફેધ્રાઇ વોઉરૂચષાને, દાઇષી
મોઇ યા-વે અબિફ્રા,

તા ક્ષથ્રહ્યા અહુરા યા
  વંઘહેઉશ અષિશ મનંઘ્હો ;
ક્રો રપેન્તા આર્મઇતે અષા
  દ્ઍેનાઓ ક્રઃક્ષયા.

અત્ શાતાંમ જરથુશ્ત્રો તન્વસ-
  ચીત્ ખ્ઞ્યાઓ ઉશ્તનેમ
દદાઈતી, પઉર્વતાતેમ મનંઘ-
  હસચા વઘ્હેઉશ મજદાઈ,
શ્યઓથનહ્યા અષાઇ યાચા ઉખ્ધ-
  ખ્યાચા સેરઓષેમ ક્ષથ્રેમચા.

ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ ☞ (સર નમાવના ભણવુ ) નેમસે-તે આતર્શ્ મજદાઓ અહુરહે હુધાઓ મજિશ્ત યજત. અષેમ વોહૂ (૩).

ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુર-ત્કએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ.

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, તવ આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, ખરેનંધ્રહો સવંધ્રહો મજદધાતહે, અઈર્યનાંમ ખ્રરેનો મજદધાતનાંમ, કાવયેહેચ ખ્રરેનંધ્રહો મજદધાતહે, આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર. કવોઈશ હુઓસ્રવંધ્રહે, વરોદશ હુઓસ્રવંધ્રહે અસ્નવન્તહે ગરોઈશ મજદધાતહે, ચએચિસ્તહે વરોદશ મજદધાતહે, કાવયેહેચ ખ્રરેનંધહો મજદધાતહે, આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર. રએવન્તહે ગરોઈશ મજદધાતહે, કાવયેહેચ ખ્રરેનંધહો મજદધાતહે, આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર. આતર્શ

સ્પેન્ત રથએશતાર, યજત પોઉરૂ-ખરેનં-ઘ્નુહ, યજત પોઉરૂ-બએષજ. આથ્રો અહુરહે મઝ્દાઓ પુથ્ર, મત્ વીસ્પ-એઇબ્યો, આતેરેબ્યો, ક્ષથ્રોનફ્રેથ્રો નઇ-ર્યો-સઘ્નુહે યજતહે, ક્નઓથ્ર યસ્ના-ઇચ વહ્માઇચ ક્નઓથ્રાઇચ ક્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાત્ ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતુ.

(૧) યસ્નેમચ વહ્મેમચ, હુબેરેતીમચ ઉશ્ત-બેરેતીમચ, વન્ત-બેરેતીમચ આફ્રી-નામિ, તવ આતર્શ પુથ્ર અહુરહે મઝ્-દાઓ. યેસ્ન્યો અહિ વહ્મ્યો, યેસ્ન્યો બુયાઓ વહ્મ્યો ન્માનાહુ મશ્યાકનાંમ. ઉશ્ત બુયાત્ અહ્માઇ નઇરે, યસે-થ્વા બાધ ફ્રાયજાઇતે, અએસ્મો-જસ્તો,

બરેસ્મો-જસ્તો, ગઓ-જસ્તો, હાવનો-જસ્તો.

(૨) દાઇત્યો અએસ્મે બુયાઓ, દાઇત્યો બઓઇધિ બુયાઓ, દાઇત્યો પિથ્વિ બુયાઓ, દાઇત્યો ઉપસયને બુયાઓ. પેરેનાયુશ હરેથ્રે બુયાઓ, દહ્માયુશ હરેથ્રે બુયાઓ, આતર્શ્ પુથ્ર અહુરહે મજદાઓ.

(૩) સઓચે બુયે અહ્મ્ય ન્માને, મત્-સઓચે બુયે અહ્મ્ય ન્માને, રઓઃચહિ બુયે અહ્મ્ય ન્માને, વક્ષથે બુયે અહ્મ્ય ન્માને, દરેઘેમચિત અઈપિ જરૂવાનેમ્, ઉપ સૂરાંમ ફ્રષો-કેરેતીમ્, હઁ સૂરયાઓ વંઘ્હુયાઓ ફ્રષો-કેરેતોઇત્

(૪) દાયાઓ મે, આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ, આસુ ખાથ્રેમ્ આસુ થ્રાઇતીમ,

આસુ જીતીમ; પોઉરૂ ખાથ્રેમ, પોઉરૂ થ્રાદ્દતીમ, પોઉરૂ જીતીમ; મસ્તીમ, સ્પાનો, ક્ષ્વિથ્રેમ હિજવાંમ, ઉરૂને ઉષિ, ખ્રતૂમ પસ્ચએત મસિત મજાૢ-ઓન્તેમ, અપદ્દરિ-આથ્રેમ, નાઇર્‌યાંમ પસ્ચએત હાંમ-વરેતીમ.

(૫) એરેદ્દવો-જંગાંમ, અખ્ૢફ્‌ન્યાંમ થ્રિષુમ અસ્નાંમચ, ક્ષફ્‌નાંમચ, આસિતો-ગાતૂમ, જધાઉરૂમ, તુથ્રુષાંમ આસ્નાંમ ફ્રજન્તીમ, કરૂષો-રાજાંમ, વ્યાખનાંમ, હુંમ-રઓધાંમ, હુવાપાંમ, આંજો-બૂજિમ, હુવીરાંમ, યા મે ફ્રાધયાત ન્માનેમચ, વીસેમચ, જન્તૂમચ દખ્યૂમચ, દધ્રહુ-સસ્તીમચ.

(૬) દાયાઓ મે, આતર્શ્ પુથ્ર અહુરહે મજૢદાઓ, યા મે અંઘ્રહત અફ્રસાઓંધ-

હ્વાઓ, નૂરેમ્ચ યવએચ-તાઇતિ, વહિશ્તેમ
અહૂમ્ અષઓનાંમ્ રઓચંઘ્હેમ વીસ્પો-
ખ્વાથ્રેમ, જજે-બુયે વંઘ્હાઉચ મીજ્દે,
વંઘ્હાઉચ સ્રવહિ, ઉરૂનએચ ફ્રેથે
હુવંઘ્હે.

(૭) વીસ્પએઇબ્યો સસ્તીમ્ બરઇતિ
આતર્શ મજ્દાઓ અહુરહે, યએઇબ્યો
અએમ હાંમ્-પચાઇતે ક્ષાફ્નીમ્ચ સૂઇરી-
મ્ચ, વીસ્પએઇબ્યો હચ ઇજયેઇતે હુબે-
રેતીમ્ચ, ઉશ્ત-બેરેતીમ્ચ, વન્ત-બેરેતી-
મ્ચ, સ્પિતમ.

(૮) વીસ્પનાંમ્ પર-ચરેન્તાંમ્ આતર્શ્
જસ્ત આહિધય. ચીમ્ હખ હષે બરઇતી
ફ્રચરેથ્વાઓ અર્મએષાઇધે. આતરેમ
સ્પેન્તેમ્ યજમઇદે, તખ્મેમ્ હન્તેમ
રથએશ્તારેમ્.

(૯) આઅત્ યેજિ-ષે અએમ્ બરઇતિ અએસ્મેમ્ વા અષય બેરેતેમ્ બરેસ્મ વા-અષય ફ્રસ્તરેતેમ્, ઉર્વરાંમ વા હધાનએ પતાંમ્, આ-હે પસ્ચએત ફ્રીનઈતિ આતર્શ મજદાઓ અહુરહે, ક્ષ્નૂતો અતબિશ્તો હધ્ધંધ્રહુમ.

(૧૦) ઉપ-થ્વા હક્ષોઈત્ ગેઉશ વાંથ્વ, ઉપ વીરનાંમ્ પોઉરૂતાસ. ઉપ થ્વા વેરેજવ-ત્ચ મનો, વેરેજવતિચ હક્ષોઇત્ અંઘ્રઉહ. ઉર્વાક્ષ્-અંઘ્રઉહ ગય જિધએષ, તાઓ ક્ષપનો યાઓ જ્વાહી. ઇમત્ આથ્રો આફ્રિવનેમ, યો અહ્માઇ અએસ્મેમ્ બર-ઈતિ હિકૂશ, રઓચસ્ પઇરિશ્તાં અષહે બેરેજ યઓજદાતાં.

(બાજમા પઢવુ) અહુરમજદ ખોદાએ, અવજૂનીએ મરૂદુમ, મરૂદુમ સર્દગાંન્

હુમા સર્દ્ગાંન્, હુમબાયસ્તે વેહાંન્, ઓએમ્ બેહેદીન્ માંજદયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન્ બાદ. (પ્રગટ પઢવુ) યથા અહૂ વઈરયો (૨).

યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જવરેચ આફ્રીનામિ આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, તવ આતર્શ્ પુથ્ર અહુરહે મજદાઓ. આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, ખરેનંધ્રહો સવંધ્રહો મજદધાતહે, અઈર્યનાંમ્ ખરેનો મજદધાતનાંમ્, કાવયેહેચ ખરેનધ્રહો મજદધાતહે, આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર કવોઈશ હુઓસ્રવંધ્રહહે, વરોઈશ હુઓસ્રવંધ્રહહે, અસ્નવન્તહે ગરોઈશ મજદધાતહે, ચએચિસ્તહે. વરોઇશ મજદધાતહે, કાવયેહેચ ખરેનંધ્રહો મજદધાતહે.

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર. રએવન્તહે ગરોઈશ મજદધાતહે, કાવયેહેચ ખરેનંઘહો મજદધાતહે, આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર. આતર્શ સ્પેન્ત રથએશતારૂ, યજત પોઉરૂ ખરેનંઘહ; યજત પોઉરૂ-બએષજ. આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, મત્ વીસ્પએઇબ્યો આતેરેબ્યો, ક્ષથ્રો નફેધ્રો નઇરયો-સંઘહહે યજતહે. અષેમ વોહૂ (૩).

અત્ તોઈ આતરેમ્ અહુરા
અઓજોંઘહ્વન્તેમ, અષા ઉષેમહી
અસીશ્તેમ, એમવન્તેમ, સ્તોઇ-
રપેન્તેમ, ચિથ્રા-અવઘહેમ;
અત્ મજદા દઇબિષ્યન્તે જસ્તા-
ઈશ્તાઈશ દેરેશ્તા અએનંઘહેમ.
અષેમ વોહૂ (૧).

અહ્માઈ રએશ્ચ ખરેનસ્ચ, અહ્માઇ તન્વો સ્વતાતેમ, અહ્માઇ તન્વો વજદ્રરે, અહ્માઈ તન્વો વેરેથ્રેમ, અહ્માઈ ઇશ્તીમ્ પઓઉરૂશ-ખાથ્રાંમ, અહ્માઈ અસ્નાંમ્ચિત્ ફ્રજન્તીમ્, અહ્માઈ દરેઘાંમ દરેઘો-જીતીમ્, અહ્માઇ વહિશ્તેમ્ અહૂમ્ અષઓનાંમ્, રઓ-ચંઘહેમ; વીસ્પો ખાથ્રેમ. અથ જમ્યાત્ યથ આફ્રીનામિ. અષેમ્ વોહૂ (૧).

હુજંઘ્રેમ બએષજનાંમ્, બએવરે બએષજનાંમ્; હુજઘ્રેમ્ બએષજ-નાંમ્, બએવરે બએષજનાંમ્; હુજઘ્-રેમ્ બએષજનાંમ, બએવરે બએષજ-નાંમ્. અષેમ વોહૂ (૧).

જસ મે અવંઘહે મજ્દ, જસ મે

અવંઘ્હે મજદ, જસ મે અવંઘ્હે મજદ. અમહે હુતાશતહે હુરઓધહે, વેરેથ્રઘ્નહે અહુરધાતહે, વનઇન્ત્યાઓસ્ચ ઉપર-તાતો રામનો ખ્વારેનહે, વયઓશ ઉપરો-કઇર્યેહે તરધાતો અન્યાઇશ દામાંન, અએતત્ તે વયો યત્ તે અસ્તિ સ્પેન્તો-મઇન્યઓમ્, થ્વાષહે ખ્વધાતહે, જરૂવાનહે અકરનહે, જરૂ-વાનહે દરેઘો-ખ્વધાતહે. અષેમ્ વોહૂ (૧).

કેરૂફેહ્ મોજદ્દ ગુનાહ્ ગુજારેશ્નેરા કુનમ્, અશાહી રવાન્ દુશારમરા હમ કેરૂફેહ્ હમા વેહાંને હફ્ત કેશ્વર્ જમીન્, જમીન્-પેહેના, રૂદ્દ-દરાના, ખોરૂશીદ્દ-બાલા, બુન્દેહાદ્દ બેરસાદ્દ; અશો બેદ્દ દેરૂજી. અથ જમ્યાત્ યથ આફ્રીનામિ. અષેમ્ વોહૂ (૧).

રોજ નેક્ નાંમ, રોજ્ પાક્ નાંમ રોજ મુબારક્ (ફલાન), માહે મુબારક (ફલાન), ગાહે (ફલાંન), નમાજ્ દાદારે ગેહાન દામાંન્. ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ, નેમસે-તે આતર્શ મજદાઓ અહુરહે હુધાઓ મજિશ્ત યજત અષેમ વોહૂ (૧)

ગોરૂજે ખોરેહ અવજાયાદ.

(આતશ બેહરામ સનમુખ નીચે મુજબ પઢવુ).

આતશ બેહરામ આદર ફેરા.

(આતશ આદરાંન સનમુખ નીચે મુજબ પઢવું).

આતશ આદરાંન્ આદર ફેરા.

(ઘેરના આતશ સનમુખ નીચે મુજબ પઢવુ).

આતશ દાદ્ગાહ આદર ફેરા.

આદરાંન્ શાહ પીરોજગર, આદર્ ગુશાસ્પ્, આદર્ ખોરદાદ્, આદર્ બુર-

જીન્ મેહેરૂ અવરે આદરાંન્ ઓ આત-
શાંન, કે પ દાદ્ગાહ નેશાસ્ત એસ્તેહ્;
ગોરૂજે ખોરેહ અવજાયાદ્ મીનોકરૂકો,
અમાવંદ્ પીરોજગરૂ અમાવંદી પીરો-
જગરી. દાદ્ દીન્ બેહ માજદયસ્નાંન,
આગહી રવાઇ ગોઆફરંગાંની બાદ્
હફ્તે કેશવરૂ જમીન; અએદ્દૂન બાદ.
મન્ આનો આવાયદ શુદન્, મન્ આનો
આવાયદ શુદન્, મન્ આનો આવાયદ
શુદન્. અષઓને અષેમ્ વોહૂ (૧).
(દક્ષિણ દિશા તરફ મોહોડુ કરીને પઢવુ).
દાદારે ગેહાંન્ દીને માજદયસ્ની દાદ
જરથુશ્તી. નેમસે-તે અષાઉમ્ સેવિશ્તે
અરેદ્વિ સૂર અનાહિતે. અષઓને અષેમ્
વોહૂ (૧).
નેમો ઉર્વઇરે વંઘઉહિ મજદધાતે અષ-
ઓને અષેમ વોહૂ (૧).

**ક્ષ્નઓથ્ર અહુરહે મજ્દાઓ.** (સર નમાવતા નમાવતા ભણવુ) **નેમસે-તે આતર્શ મજ્દાઓ અહુરહે હુધાઓ મજિશ્ત યજત અષેમ વોહૂ (૧).**

## દીસાને દીવસે ભણવા સારૂ પયગામ્બર સાહેબ અશો જ઼રથુશ્ત્રની તારીફ તથા માનભરી યાદના અવસ્તાના ફકરાઓ.

### માથ્ર.

ક્ષ્નઓથ્ર અહુરહે મજ઼દાઓ અષેમ વોહૂ (૩).

—→|←—

### અહુરમજ઼દ તથા અમશાસ્પંદોને અરજ ગુજારી.

(૧) યે સેવિશ્તો અહુરો મજ઼્દા-ઓસ્ચા આમેષ્હ્ તિથ્યા,

અષેમ્ચા ફ્રાદત્-ગએથેમ
મનસ્ચા વોહૂ ક્ષથ્રેમ્ચા
સ્રઓતા-મોઈ મેરેજ્દાતા-મોઇ
આદાઇ કહ્યાઈચીત્ પઇતી.

(ત્રણ વાર પઢે)

(ગાથા, હા ૩૩, ફ. ૧૧).

# અશો જરથુશ્ત્રને તથા તેમના કલામ, દીન અને તરીકાને નમન.

(૨) જરથુશ્ત્રેમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમૈદે, આબ્યો રાતાબ્યો દ્રઓથ્રાબ્યો અર્ષુપધએઇબ્યસ્ચ વાક્ષિબ્યો, વીસ્પેમચ અષવનેમ્ ગએથીમ્ યજતેમ્ યજમૈદે.

જરથુશ્ત્રહે અષઓનો ફ્રવષીમ્ યજમૈદે. જરથુશ્ત્રહે સ્રવાઓ યજમૈદે. જરથુશ્ત્રહે દએનામ્ યજમૈદે. જરથુશ્ત્રહે વરેનેમ્ચ ત્કએષેમ્ચ યજમૈદે.

(યસ્ન, હા ૧૬, ફ. ૨).

## પયગામ્બર જરથુશ્તની બુલંદી.

(૩) જરથુશ્ત્રેમ્ વીસ્પહે અંઘહે-ઉશ્ અસ્તવતો અહૂમ્ચ રતૂમ્ચ પઓ-ઈરીમ્ચ ત્કએષેમ્ યજમઇદે; હાતાંમ્ હુદાસ્તેમેમ્, હાતાંમ્ હુક્ષથ્રોતેમેમ્, હા-તાંમ્ રએવસ્તેમેમ્, હાતાંમ્ ખરેનઙુ-હસ્તેમેમ્, હાતાંમ્ યેસન્યોતેમેમ્, હાતાંમ્ વહ્મ્યોતેમેમ્, હાતાંમ્ ક્ષનઓથ્વોતેમેમ્ હાતાંમ્ ફ્રસસ્તોતેમેમ્, યો ના ઈશ્તસ્ચ

યેસન્યસચ વહ્મ્યસચ વઓચે, યથન કહ્માઇચિત્ હાતાંમ્, અષાત્ હચ યત્ વહિશ્તાત્.

(ફરવરદીન યશ્ત, ક. ૧૫૨).

## સ્પિતામ જરથુશ્તની વખાણ.

(૪) જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમચ ફ્રવષીમચ યજમૈદે. પઓઇર્યાઇ વોહુ મનનાઇ, પઓઇર્યાઇ વોહુ વઓકુષે, પઓઇર્યાઇ વોહુ વાવેરેજુષે, પઓઇર્યાઇ અથઉરુને, પઓઇર્યાઇ રથએશ્તાઇ, પઓઇર્યાઇ વાસ્ત્ર્યાઇ ફ્ષુયન્તે, પઓઇર્યાઇ ફ્રવએધાઇ, પઓઇર્યાઇ ફ્રવએધયમ્નાઇ, પઓઇર્યાઇ હંધ્રહનનાઇ, પઓઇર્યાઇ હંધ્રહનુષે,

ગાંમ્ચ અષેમ્ચ ઉખ્ધેમ્ચ, ઉખ્ધખ્યાચ સ્રઓષેમ્ ક્ષથ્રેમ્ચ, વીસ્પચ વોહૂ મજદ ધાત અષચિથ્ર.

(ફ્રવરદીન યશ્ત, ક. ૮૭-૮૮).

## અશો જરથુશ્ત્ર ઉપર મજદના ખોરેહની અસર.

(૫) યત્ ઉપંધહ્ચત્ અષવનેમ્ જરથુશ્ત્રેમ્, અનુમતેએ હ્એનયાઇ, અનુખ્તેએ હ્એનયાઈ, અનવરૂશ્તેએ હ્એનયાઈ; યત્ અસ્ વીસ્પહે અ ધહુઉશ અસ્તવતો અષેમ્ અષવસ્તેમો, ક્ષથ્રેમ્ હુક્ષથ્રોતેમો, રએમ્ રએવસ્તેમો, ખરેનો ખરેનંધઉહુસ્તેમો, વેરેથ્ર વેરેથ્રવસ્તેમો.

(જમ્યાદ યશ્ત, ક. ૭૯).

## પયગામ્બર સાહેબે શિખાડેલો સુખનો કાયદો.

(૬) નેમો વે ગાથાઓ અષઓનીશ.
ઉશતા અહ્માઇ યહ્માઇ ઉશતા કહ્માઇચાત્
વસે-ક્ષયાંસ્ મજદાઓ દાયાત અહુરો
ઉતયૂઇતી તેવીષી ગત્ તોઈ વસેમી
અષેમ્ દેરેદ્યાઇ તત્ મોઈ દાઓ આર્મઇતી
રાયો અષીશ્ વંઘેહેઉશ ગએમ્ મનંઘ્હો

( બે વાર પઢે )

(ગાથા, હા ૪૩, ફ. ૧.)

## અશો જરથુશ્ત્ર સાથે હમાઝોર.

(૭) હમાજોર્ ફ્રેરોહરે જરથુશ્ત્ર સ્પિ-તમાન્ બાદ્, અવા હમા ફ્રેરોહરે અથોર-નાન્ વ રથએશતારાન્, વ વાસતરીઓ

શાંન વ હુતોક્ષાન્, કીશાંન્, અજ્યશ્તે ફ્રેરોહરે જરથુશ્ત્ર સ્પિતમાન્ દીન્ પદી-રફ્ત, ઓશાન્ પ ગેહાન્ રવાક કરદ.

(આફ્રીને રપીથવન)

યથા અહુવઈર્યો (૧). અષેમ વોહુ (૨).

# આતશ નીઆએશની બંદગીનો ટુંક સાર.

દાદાર અહુરમજદની ખુશનુદી થાઓ ! અય ફાયદો કરનારા અહુરમજદના આતશ ! સર્વથી ચઢતે દરજ્જેના યઝદ ! તને નેમાજ હોજો !

દાદાર અહુરમજદ, જે તમામ ખલકતનો સાહેબ અને વૃદ્ધિ કરનાર છે, તેના નામથી આ બંદગી શરૂ કરૂં છું.

અય બુજોરગ આતશ ! તારો પ્રતાપ તથા ખોરેહ જીઆદે થજો !

વિચાર, વચન તથા કાર્યને લગતા, તન અને રવાનને લગતા, ગેતી તેમજ મીનોઇને લગતા, સઘળા ગુનાહો માટે પશેમાન થઇ તેનાથી દુર રેહવાનો હું નિશ્ચય કરૂં છું.

અય ધણુાજ વૃદ્ધિ કરનાર તથા બ દગીનો બદલો ભલી નેઆમતમા આપનાર મીનો અહુરમજદ ! મને તું પવિત્ર કર, મારી સભ્યતા-ને લીધે મને તું કૌવત આપ, મારી અશોઇને લીધે મને હીમ્મતવાલુ જોર બક્ષ, મારી નેક મનશ્નીને લીધે મને સરદારી આપ !

અહુરમજદની પરસ્તેસ કરનાર, અશો જરથુશ્તે જાહેર કરેલી દીન પ્રમાણે ચાલનાર, દેવના તરીકાથી દુર રહેનાર, અહુરમજદના તરીકા મુજબ ચાલનાર તરીકે, હુ એકરાર કરૂ છુ.

અય અહુરમજદના પુત્ર આતશ ! અય તુ વૃદ્ધિ કરનાર, દેવો અને સઘળી નાપાકીની સામે લડનાર, પુર ખોરેહવાલા, પુર તદરોરસ્તી આપ-નાર આદર યઝદ ! તારી હુ આરાધના કરૂં છુ, તારી ખુબીઓ ગાવું છુ, તને ખુશનુદ કરવા

ચાહુ છુ, તારી વખાણો વર્ણવું છુ. માણુસોના ઘરોમા તુ ઇજવા લાયક તથા આરાધનાને લાયકનો છે, જે માણુસ તુને હમેશાં ઇજે તે માણુસને સુખાકારી હોજો ! લાંબો વખત સુધી, શૂર આપનારા રસ્તાખેજ સુધી, આ ઘરમાં તુ બળતો રહેજે ! આ ઘરમાં તું ચલકાટમાં રહેજે ! આ ઘરમાં તું વધારામાં રહેજે !

અહુરમજદનાં પુત્ર અય આતશ ! મને તું આસાની, પોષણુ, પુરતું સુખ, ડહાપણુ તથા રવાનને માટે અક્કલ આપ ! મને તું ફરજંદ આપ જે પોષણુ કરનારૂં, જાતી અક્કલવાલુ, કેશ્વરની ઉપર રાજ ચલાવનારૂં, અંજુમનમ બેસનારૂં, ઉધરતુ, સારી ઇજતવાળુ, સંકટમાંથી છુટકો આપનારૂં, પેહલવાન જેવું જોરેમદ હોય, જે મારાં ઘરને, ખાનદાનને, કસબાને, દેશને તથા દેશના ધર્મને આબાદ કરે !

અહુરમજદના પુત્ર અય આતશ! મને તુ તે આપ કે જે હમણાં તથા હમેશ સુધી, અશોની રોશનીવાળી, તમામ આસાનીવાળી, સર્વથી સરસ જીંદગી વિષે શિખવનાર હોય. એવી જીંદગી ભલા બદલામાં, ભલી બંદગીમા તથા રવાનની પવિત્રાઇમાં હું મેળવું!

———•———

# આતશ નીઆએશની બંદગીનો ખુલાસો.

અવસ્તાની ટુંકી બંદગીઓમાં નીઆ-એશ નામની પાચ બંદગીઓ મૌજુદ છે. એ પાંચ નીઆએશો ખોરશેદ, મહેર, માહ-બોખતાર, અરદ્વિસુર તથા આતશ નીઆએશો તરીકે ઓળખાય છે, અને તેઓમાં સુર્ય, રોશણી, ચંદ્રમા, પાણી તથા આતશ ઉપર મવકલ યઝદોની છુટી છુટી આરાધના કરવામા આવી છે. નીઆએશ શબ્દનો અર્થ 'આરા-ધના' થાયછે.

આપણુ જરથોસ્તીઓની ઘણીખરી બંદગી-ઓ માફક **'ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ'** (અહુરમજદની ખુશનુદી થાઓ!)ની સર્વોતમ દુઆ સાથ આતશ નીઆએશની બંદગીની શરૂ-

આત કરવામાં આવે છે. અહુરમજદ સર્વ વ્યાપક છે, સઘળે ઠેકાણે હાજર છે. હરએક સ્થળે, હરએક શરિરમાં, બધા આકારોમાં તે સાહેબ મૌજુદ છે. એટલે તે મહાન શકિતની ખુશનુદીમા કુલ જગતની, ગેતી તથા મીનોની તમામ પયદાયશની, ખુશનુદી સમાયલી છે. અહુરમજદની ખુશનુદી માટેની દુઆ આ રીતે જોતા કુલ પયદાયશની આબાદી માટેની દુઆ છે અને આવી બહોલી દુઆઓ જરથોસ્તી બંદગીઓમાં વારંવાર ગુજારવામા આવે છે, જે જરથોસ્તી ધર્મનો ઉમદા ખવાસ દેખાડી આપે છે.

ત્યારબાદ 'નેમસે-તે, આતર્શ મજ્દાઓ અહુરહે હુધાઓ, મજિશ્ત યજત' ના જાણીતા અવસ્તાના કલામમા આતશની ઉપર જે મીનોઇ શકિત મવક્કલ છે તેને અહુરમજદના આતશ, સર્વેથી ચઢતા યઝદ તરીકે નમસ્કાર કરવામા આવે છે. આ નમસ્કાર પછી જે

દરજજેના આતશ સનમુખ નીઆએશ થતી હોય તેનો દરજ્જો પુકારી તેનુ પ્રતાપ તથા ખોરેહ જીઆદે થાવો ( ગોરૂજે ખોરેહ અવ-જાયાદ ) એવી દુઆ ગુજારવામાં આવે છે. ખરાં જીગરની બંદગી તથા આરાધનાથી, સાચ્ચાં અંતઃકરણની ભક્તિ તથા અરપણ-તાથી, આતશનો પ્રતાપ તથા ખોરેહ, તેની બરક્ક્તમાં તથા અશોઇ વધારનારી શક્તિમા વધારો થાય છે,—આમ આ દુઆ ઉપરથી આપણે સમજી શકયે છીયે. આતશ બેહરામ, આતશ આદરાન તથા આતશ દાદગાહ એવા ત્રણ ચઢ ઉતર દરજજેના આતશોના નામો અહિયા પ્રસંગ પ્રમાણે લેવામા આવે છે, જે મધે આતશ બેહરામનો દરજ્જો સર્વથી શ્રેષ્ટ મુકાયો છે.

'અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ' ના જાણીતા પાજંદ ફકરા મારફતે, ત્યાર

પછી, વિચાર, વચન તથા કાર્યને લગતા, તન અને રવાનને લગતા, ગેતી તેમજ મીનોઇને લગતા, સઘળા ગુનાહો માટે પશેમાની કરી તેનાથી પાછા ફરવાનો, તથા દુર રહેવાનો નિશ્ચય (અવાખ્શ પશેમાન) કરવામાં આવે છે. માણુસ ભુલને પાત્ર છે એટલે પોતાની મન, વાચા તથા કરણી મારફતે થયલી ભુલો સમજી તથા સ્વિકારી ભવિસ્યમા તેવી ભુલો ફરી નહી થાય તે માટેનો ઠરાવ, માણુસને બદીથી દુર રાખવામાં કીમતી મદદ કરે છે. નોધવા લાયક ચીજ આ છે કે અત્રે ખાલી પશેમાની અથવા દલગીરી જાહેર થતી નથી, પણ ગુનાહોની બુરાઇ સમજી તેવા ગુનાહો ફરી થાય નહી તે ઉપર ભાર મેલવામા આવ્યો છે.

તે પછી અહુનવદ ગાથાના ૩૩મા હામાના છેવટના ત્રણ ફકરાઓ મારફતે અમુક ભલા ગુણો મેલવવા કાજે દુઆ ગુજારવામાં

આવે છે. અહુરમજદને ઘણોજ વૃદ્ધિ કરનાર ( સ્પેનિશ્તા ) તથા બ દગીનો બદલો ભલી નેઆમતમાં આપનાર (વ ઘ્ હુયા જવો-આહ્રા) તરીકે ઓળખી તેની પાસ કૌવત, હીમ્મત તથા સરદારીની માંગણી કરેવામા આવે છે અને તે માંગણી નમ્રતા, અશોઇ તથા નેક મનશ્નીની મારફતેજ થતી આપણે જોઇએ છીએ. 'First deserve and then desire' (કોઇ પણ ચીજની માગણી કરવા આગમજ તે મેળાવવાને લાયક થાવો) એવો અહિયાં ઉમદા નિયમ સ્વિકારાયલો આપણુને ખુલ્લો દેખાય છે. એજ નિયમ પ્રમાણે અષોઇની મારફતે દીનના ફરમાનો શિખવ-વાની સ્પેન્ત આર્મઇતીને અરજ કરવામા આવે છે. ત્રીજા ફકરામા પયગામ્બર સાહેબ જરથુસ્ત્ર, પોતાના તનનો જાન અને નેક મનશ્નીની ઉત્તમતા, પોતાનાં કામોની સત્તા

તથા દીનની તાબેદારી અહુરમજદ તથા અષ (અરદીબેહેશ્ત) અમેશાસ્પંદને અર્પણ કરે છે એમ તે સાહેબ જાહેર કરે છે. અશો જરથુસ્ત્રને પોતાના સર્વોત્તમ સદગુણે પાક અહુરમજદને અર્પણ કરતા જાણી, આપણે સર્વેએ પણ આપણામાં જે કાંઇ ભલાઇ હો તે સઘળી તે ખાલેક બેનમુનનેજ અર્પણ કરવી જોઇએ, એવો ઉમદા આત્મિક સબક આહંયા આપણને મળે છે.

અત્રે 'ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ, વીદએવો અહુર-ટકએષો' એવો બહુ જાણીતો જરથોસ્તી દીનનો ટુકો કલમે ભણવામાં આવે છે. આ કલમો ભણી દેવોની તરીકાથી દુર રહેવાનો, અહુરમજદના તરીકા પ્રમાણે ચાલવા, તથા તેની પરસ્તેશ કરવાનો, તેમજ જરથુસ્ત્ર સાહેબની દીન ઉપર અમલ કરવાનો, પવિત્ર ઠરાવ આપણે કરીએ છીએ.

ત્યાર પછીના ફકરામાં પહેલવી શરેહમા સમજાવવા મુજબ 'આદર ફરાહ' (અથોરનાનો ઉપર મવકલ આતશ), 'આદર ગુશસ્પ (રથેસ્તારો અથવા લડવૈયાઓ ઉપર મવકલ આતશ અથવા વીજલીનો આતશ), 'આદર બુરજીન' (વાસ્ત્રયોશ અથવા ખેડુતો ઉપર મવકલ આતશ) તથા બીજા તમામ આતશોની આરાધના કરવા, વખાણ ગાવા, તેઓને ખુશનુદ કરવા તથા તેમની ખુબી ગાવાની ઇચ્છા જાહેર કરવામા આવે છે. વળી અહુરમજદનું પેદા કીધેલુ ખોરેહ, ઇરાની ખોરેહ તથા કયાની ખોરેહ ઉપરાત, કએખુશરૂ પાદશાહની, તેમજ જે પાહાડો ઉપર મજકુર આતશોમાના કેટલાકોને અસલ ઇરાનમા રોશન કરવામા આવ્યા હતા, તેઓની વખાણ ગાવાની ઇચ્છા, ભણનારા તરફથી જાહેર થાય છે. એ ફકરામા આતશને દેવો સામે લડનાર,

પુર ખોરેહવાળા તથા ઘણી તંદરોસ્તી આપનાર તરીકે વર્ણવવામા આવ્યો છે. '**આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર**'ના વારંવાર ભણાતા અવસ્તા મારફતે તેને 'અહુરમજદના પુત્ર' નો માન ભર્યો અર્થસુચક એલકાબ આપવામા આવ્યો છે. આ ફકરામા જણાવેલી ઇચ્છા મુજબ એજ શબ્દોમા આતશની આરાધના પાછળ આવતા એક ફકરામાં કરવામાં આવે છે.

અત્રે યજશનેનો ૬૨મો હા આખો ભણવામાં આવે છે, જેમા પહેલે આતશની આ શબ્દોમા વખાણ કરવામા આવી છે—' તારી ઇજશનેને, આરાધનાને, સારી ભેટને, તંદરોસ્તી આપનાર ભેટને, તથા દોસ્તી ભરેલી ભેટને હુ વખાણું છું.' ત્યાર પછી જે ઘરમા આતશની આરાધના થતી હોય ત્યા કીઆમતના દીવસ સુધી આતશ રોશન રહે, બળતો રહે, ચલકાટમાં રહે તથા વધારો કરતો રહે, એવી દુઆ

ગુજારવામા આવે છે. આતશ બેહરામ, આતશ આદરાન તથા આતશ દાદગાહ સર્વને હંમેશા બળતા તથા તેજસ્વી રાખવાનો ખ્યાલ આ શબ્દોમાંથી આપણને મળે છે. જે ઘરમાં આતશ આ પ્રમાણે સદા ઝલકતો તથા પ્રકાશીત રહે તે ઘરમાં તેની બરકત તથા તેના ખોરેહની ભલી અસર કાયમ રહે એમ આપણે અહિયા સમજીએ છીએ. આતશ હરએક મકાનમા સદા જળતો રહે એવી દુઆ ચાહવા પછી તેની પાસ આસાની, પોષણ, જીંદગી, સુખ, ડહાપણ, અક્કલ વિગેરેની માંગણી થાય છે અને બુલંદ સદગુણો ધરાવનારા ફરજંદની વૃદ્ધિ ચાહવામાં આવે છે. વળી જેબી મહાપ્રતાપી ગુરૂ 'વહિશ્તેમ અહુમ' સર્વથી શ્રેષ્ટ જીંદગી વિષે શિખવનાર હોય, તેની આજેઝીબારી માંગણી કરવામા આવે છે.

ત્યાર બાદ જાહેર કરવામાં આવે છે કે

આતશ પોતાની તરફ જનારાઓ તરફથી લાયક ભેટની આશા રાખે છે. 'તમામ આવનારાઓના હાથ તરફ આતશ નજર કરે છે, (કે) ચાલતો દોસ્ત (આતશ તરફ આવનાર) બેઠેલા દોસ્ત (આતશ) માટે શું લાવે છે?' જે કોઇ આાતશને માટે એસમ, બરસમ, તથા ખુશબોદાર ઓરવર લઇ જાય છે અને આતશને તે અર્પણ કરેછે, જે કોઇ 'સુક્કી, રોશનીમા પરિક્ષા કીધેલી, સાફ કીધેલી કાઠી, અશોઇના આશિર્વાદ' સાથે, આતશ માટે લઇ જાય છે તેને આતશ નીચલી દુઆ દે છે:—

'તારે ત્યા ગાયઢોરનું ટોળુ જીઆદે થજો! શુરવીર માણુસોનો વધારો થજો! તારૂં મન કામ કરતુ થજો! તારી જીદગી કામ કરતી થજો! જેટલી રાત તું જીવતો રહે તેટલી રાત ખુશાલી ભરેલી જીંદગીના જીવ સાથે તું તારી જીદગી ગુજારજે!'

આ ફકરાઓ ઉપરથી આતશને સુખડ, લોબાન વિગેરે ખુશ્બોદાર ચિજો અર્પણ કરવાની જરૂર આપણને માલમ પડી આવે છે.

અત્રે યજસ્નેનો ૬૨મો હા ખલાસ થાય છે અને બધી નીઆએશ તથા યશ્તમાં આવતો, બાજમા ભણવાનો પાજંદ ફકરો આવે છે, જેમા દીન ઉપર ઉસ્તવારી રાખવાની તથા નેકી ભરેલી જીંદગી ગુજારવાની દુઆ કરવામા આવે છે.

અહ્માઇ રએશ્ચ, હજંઘરેમ, જસમે અવન્હે મજદ તથા કેરફેહ મોજદની જાણીતી બંદગીઓ ત્યાર પછી ભણાય છે, જે મધે યઝદોની મદદ માંગી, અનેક બલી દુઆઓ ચાહવામાં આવે છે.

ત્યાર પછી અહુનવદ ગાથાના ૩૪મા હાનો ૪થો ફકરો ભણાય છે, જે મધે આતશને 'જોરાવર, સર્વથી તેજીવાલા, હીમ્મત આપનાર, હંમેશાં ખુશી કરનાર, ઘણી રીતે મદદ કરનાર'

તરીકે અરદીબેહેસ્ત અમેશાસ્પદની મારફતે પસંદ કરવામા આવે છે, અને તેને દ્રૂપ (જે સર્વથી મહાન દુર્ગુણ છે તે) તથા કીનો રાખનાર શખ્સને સખત શિક્ષા કરનાર તરીકે ઓળખાવવામાં આવ્યો છે.

છેવટે, જુદા જુદા આતશોનાં નામો લઇ, તે સઘળાઓનું ખોરેહ તથા પ્રતાપ જીઆદે થાએ, તથા તેઓ ભણુનારની હીમ્મત તથા ફતેહને માટે તેની મદદે પહોચે, એવી દુઆ ગુજારવામાં આવે છે.

# દોસાના દીવસે પયગામબર સાહેબની તારીફમાં ભણવાના અવસ્તાના ૫ કરાઓની માએની.

### અહુરમજદની ખુશનુદી થાઓ!

### અહુરમજદ તથા અમશાસ્પંદોને અરજ ગુજારી.

(૧) અએ (તું) જે સઉથી ફાયદો કરનાર હોરમજદ! તથા અએ (તુ) આર્મઇતિ! તથા અએ (તુ) દુનિયાની આબાદી કરનાર અષ! અએ (તું) વોહુમનો તથા ક્ષથ્ર! (તમો બધા) મારી (અરજ તથા બંદગી) સાંભળો, તથા મારા દરેક કામને માટે મારી ઉપર દયા કરો.

(ગાથા, હા ૩૩, ફ. ૧૧).

## અશો જરથુશ્ત્રને તથા તેમના કલામ, દીન તથા તરીકાને નમન.

(૨) અશોઇના સરદાર અશો જરથોસ્તને હમો યાદ કરીએ છિયે. આએ ભેટ કીધેલી જોરાથી તથા સાચ્ચા બોલેલા સખુનોથી, ફરેક ગેતીના અશો યજદને હમો યાદ કરીએ છિયે, (અશો) જરથોસ્તના કલામોને હમો યાદ કરીએ છિયે. (અશો) જરથોસ્તના ફ્રશોહરને હમો યાદ કરીએ છિયે. તેમજ (અશો) જરથોસ્તની દીનને હમો યાદ કરીએ છિયે. અશો જરથોસ્તના તરીકા તથા મહજબને હમો યાદ કરીએ છિયે.

(યસ્ન, હા ૧૬, ક્. ૨).

## પયગામ્બર જરથુશ્ત્રની બુલંદી.

(૩) (પયગામ્બર અશો) જરથોસ્ત (જેઓ) તમામ હાડમંદ દુનિયાના સાહેબ

તથા સરદાર તથા પેરીઓદકેશ (તેઓ) ને હમો માન સાથે યાદ કરીએ છીયે.

(અષો જરથોસ્ત) (તમામ) હયાત માણુસોમાં ઘણુાજ સારા ડહાપણુવાળા, હયાત માણુસોમા ઘણીજ સારી હકુમત ભોગવનારા, હયાત માણુસોમા ઘણુાજ પ્રતાપવાળા, હયાત માણુસોમા ઘણુાજ ખોરેહવાળા, હયાત માણુ-સોમાં આરાધનાને ઘણુાજ લાયક, હયાત માણુસોમા ઘણુાજ માનને લાયક, હયાત માણુસોમાં ઘણુાજ ખુશ્નુદ કરવા લાયક, (તથા) હયાત માણુસોમા કીર્ત્તિને ઘણુાજ લાયક (છે). જે પ્રમાણે સર્વોતમ અશોઇને લીધે હયાત માણુસોમા કોઇને માટે (બી) (હોએ) (તેમ), (અશો) જરથોસ્ત (સાહેબ) વાહલા, આરાધનાને લાયક, તથા માનને લાયક આપણુને જણાએલા છે.

## સ્પિતામ જરથુશ્ત્રની વખાણ.

(૪) સપેતમાન અષો જરથોસ્તની અશો-
ઇને તથા ફ્રરોહરને માન સાથે યાદ કરીએ
છીયે. (જેણે યાને પયગામ્બર જરથોસ્તે)
સઉથી પેહેલ્લાં (હોરમજદની દીનના તરીકા
મુજબ) નેક વિચાર કીધો. (જે) સઉથી
પેહેલ્લાં નેક સખુન બોલ્યો, તથા જેણે સઉથી
પેહેલ્લા નેક કામ કીધુ. (વલી જે) પેહેલ્લો
અથોરનાન, સઉથી પેહેલ્લો રથેસ્તાર, (તથા)
સઉથી પેહેલ્લો (દેશની) આબાદી કરનાર
ખેડુત (હતો). (જેણે) સઉથી પેહેલ્લાં દીનનું
જ્ઞાન હાસેલ કીધુ (તથા) સઉથી પેહેલ્લાં
(તે) (બીજાઓને) શીખવ્યું. (વળી) (જે)
ગાએ-ગોસ્પંદને, રાસ્તીને, દીનના કલામોની
તાબેદારીને, હકુમતને, (તથા) હોરમજદની
પેદા કીધેલી અષોઇની તોખમની તમામ
નેઆમતનો સઉથી પેહેલ્લા પસંદ કરનારો

(તથા) સઉથી પેહેલ્લા (તેની ઉપર) મોહોબત રાખનારો (હતો).

(ફરવરદીન યસ્ત, ફ. ૮૮).

## અશો જરથુશ્ત્ર ઉપર મજહના ખોરેહની અસર.

(૫) જે (ઇશ્વરી ખોરેહ) (પયગામ્બર) અશો જરથોસ્ત સાથે જોડાયું હતું, (તે ખોરેહની બરક્તથી) દીનના કાયદા મુજબ તેણે વિચારયું, દીનના કાયદા મુજબ તે બોલ્યો (તથા) દીનના કાયદા મુજબ તેણે કામ કીધુ. જેથી કરીને (યાને તે ખોરેહની બરક્તથી) (પયગામ્બર જરથોસ્ત) (આએ) હાડમદ દુનિયામા રાસ્તીમા ઘણોજ રાસ્ત, હકુમતમાં ઘણોજ સારી હકુમત ભોગવનારો, નુરમાં ઘણોજ નુરમંદ, ખોરેહમાં ઘણોજ ખોરેહવાળો (તથા) ફતેહમાં ઘણોજ ફતેહમંદ હતો.

(જમ્યાદ યસ્ત, ફ. ૭૯).

## પયગામ્બર સાહેબે શિખાડેલો સુખનો કાયદો.

(૬) અએ પવિત્ર ગાથા! તમુને નેમાજ (હોજો)!

આબાદી (અથવા સુખાકારી) તે (શખ્સ) ને (હોજો), જેનાથી બીજાઓને સુખ (પોંહચે)! પોતાની મરજી પ્રમાણે રાજ કરનાર (તે શખ્સને) હોરમજદ તદરોસ્તી તથા કૌવત બખશે. રાસ્તી પકડી રાખવાને માટે (ઓ હોરમજદ!) તારી પાસેથી (હું) તે (તદરોસ્તી તથા કૌવત) ખચીત માગું છું.

આર્મઈતિને લીધે (ઓ હોરમજદ!) (તુ) મને સંપત્તિ, નેક આશીર્વાદ (તથા) ભલા મનની જીદગી બક્ષ.

(ગાથા, હા ૪૩, ફ. ૧).

## અશો જરથુસ્ત્ર સાથે હમાજોર.

(૭) હમાઝોર હોજો (અશો) જરથોસ્ત સ્પીતમાનનાં ફ્રરોહરને, તે સાથે અથોરનાનો, રથેસતારો, વાસતરીઓક્ષો, તથા હુતોક્ષનાં ફ્રરોહરોને હમાજોર હોજો, કે જેઓએ અશો જરથોસ્તનાં ફ્રરોહરને યાદ કરીને દીનનો ફેલાવો કરવામાં મદદ કીધી.

( આફ્રરીને સ્પીથવન ).